જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૦૪/૦૮/૨૦૨૦ મંગળવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-**

**સમાચાર યાદી નં.૧૨૯૯/૨૦૨૦**

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.03/0૮/૨૦૨૦ કલાક 00/00 થી કલાક ૨૪/00 સુધીની માહીતી નીચે મુજબ છે.**

| પત્રક-૧ | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | | | | | |
| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૦૩૫૩ | ૧ | ૧૦૩૫૪ | ૧૬૪૦૭ | ૧ | ૧૬૪૦૮ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૩૩૫ | ૦ | ૪૩૩૫ | ૫૮૫૧ | ૦ | ૫૮૫૧ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૪૪ | ૦ | ૪૪ | ૨૦૩ | ૦ | ૨૦૩ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૧૩૯૮૦ | ૭ | ૧૩૯૮૭ | ૧૪૪૮૯ | ૪ | ૧૪૪૯૩ |
| કુલ | | ૨૮૭૧૨ | ૮ | ૨૮૭૨૦ | ૩૬૯૫૦ | ૫ | ૩૬૯૫૫ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૯ | ૩,૪૧,૩૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૫૦૮ | ૨,૫૪,૦૦૦/- |

# “શી ટીમ” ની કામગીરીની વિગત

## ગુજરાત યુનિવર્સીટી પોલીસ સ્ટેશન :-

ગુજરાત યુનિવર્સિટી શી ટીમ દ્વારા પો.સ્ટે. વિસ્તારમાં રહેતા સિનિયર સિટીઝન નાઓની મુલાકાત લેઇ તેઓની ખેરીયત પુછવામાં આવી.










# લુંટના આરોપીની અટકાયતની વિગત

## રામોલ પોલીસ સ્ટેશન :-

**રાહદારીઓ પાસેથી લુટ કરતા ઈસમને જડપી પાડતી રામોલ પોલીસ**
**લુટમાં ગયેલ મુદ્દામાલ રોકડા રૂપીયા ૨૫૦૦/- તથા ગુનામા વાપરેલ રીક્ષા મળી**
**કુલ્લે કીમત રૂપીયા ૫૨૫૦૦/- ના મુદ્દામાલ સાથે એક ઈસમ ઝડપાયો**

રામોલ પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૧૯૧૦૨૪૨૦૧૧૩૦-એ ઈપીકો કલમ ૩૯૨ મુજબના કામના ફરીયાદી શ્રી રામાદત ત્રીલોકારામ ચૌધરી ઉવ:૩૮ રહે:મુનલાઈટ ફેક્ટરી બાલાજી ગોડાઉનની સામે સુરતી સોસાયટી રામોલ અમદાવાદ શહેર મુળવતન ગામ:નેણાસર તા:સદારશહેર જી:ચુરૂ રાજસ્થાન નાઓ ચાલતા ચાલતા જતા હતા આવખતે તા:૩૧/૦૭/૨૦૨૦ ના કલાક ૨૨/૦૦ વાગ્યાના અરસામાં રામોલ પરીશ્રમ કોમ્પલેક્ષ આગળ મુખી પાર્કીંગ સામે જાહેરમાં આવતા રીક્ષા નંબર.જીજે.૨૭.યુ.૯૦૧૩ નો ચાલક ફરીશ્રી પાસે આવી ફરીશ્રી પાસેથી પૈસા માંગતા તેઓએ આપવાની ના કહેતા ફરીશ્રીનો કોલર પકડી ફરીશ્રીના ખીસ્સા માંથી રોકડા રૂપીયા ૨૫૦૦/- ની લુટ કરી જતો રહેલ હોય જે બનાવ સબંધે પોલીસ ઈન્સપેક્ટર શ્રી કે.એસ.દવે સાહેબ નાઓના માર્ગદર્શન હેઠળ તારીખ:-૦૧/૦૮/૨૦૨૦ ના રોજ સર્વે સ્કોડના પો.સ.ઈ વી.બી.વાઘેલા તથા સ્ટાફના માણસો સાથે ઉપરોક્ત નંબર વાળી રીક્ષાની તપાસમાં હતા દરમ્યાન સાથેના પો.કો લાલજીભાઈ જહાભાઈ બ.નં.૭૬૭૬ તથા પો.કો જયરાજસિંહ વિક્રમસિંહ બ.નં.૫૬૦૪ નાઓની સંયુક્ત બાતમી આધારે પંચો રૂબરૂ રામોલ અદાણી સર્કલ ખાતે પંચોના માણસો સાથે વોચ તપાસ કરતા આરોપી ઈમરાનખાન અનવરખાન પઠાણ ઉવ:૪૩ રહે:પઠાણનો બંગ્લો નૈયા એપાર્ટમેન્ટ ની સામે રામોલ અમદાવાદ શહેર ને ઉપરોક્ત ગુનામાં વાપરેલ સીએનજી રીક્ષા નં. જીજે.૨૭.યુ.૯૦૧૩ સાથે પકડી ઉપરોક્ત ગુનાના કામે લુટમાં ગયેલ મુદ્દામાલ રોકડા રૂપીયા ૨૫૦૦/- કબજે કરી સદરી આરોપી વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરી અનડીટેક ગુનો શોધી કાઢેલ છે.

# ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

**સરદારનગર પોલીસ સ્ટેશન :-**

## યુનિવર્સીટી, નવરંગપુરા પો.સ્ટેના એકટીવા ચોરીના બે આરોપીઓને મુદ્દામાલ સાથે પકડી બે ગુનાઓ ડીટેક કરતી સરદારનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નર સાહેબ શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર સાહેબ શ્રી સેક્ટર-૨ નાઓ તથા નાયબ પોલીસ કમીશ્નરશ્રી ઝોન-૦૪ સાહેબ તથા મદદનીશ પોલીસ.કમીશ્નરશ્રી " જી" ડીવીજન સાહેબ નાઓ તરફથી નાસતા-ફરતા આરોપીઓ પકડવાની તેમજ મિલકત સંબધી ગુન્હાઓ શોધી કાઢવા કરેલ સુચના અનુશંધાને પોલીસ ઇન્સપેકટર એમ.બી.બારડ સરદારનગર પોલીસ સ્ટેશન નાઓની સુચના તથા માર્ગદર્શન આધારે પો.સબ.ઇન્સ એમ.સી.જાડેજા તથા કુબેરનગર પોલીસ ચોકી સ્ટાફ ના માણસો સાથે પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન સાથેના અ.હેડ.કોંન્સ અનિલકુમાર રાધેશ્યામ બ.નં-૭૫૨૯ તથા અનાર્મ પો.કો. જેઠાભાઈ જગશીભાઈ બ.નં.૮૭૫૩ નાઓને મળેલ સંયુક્ત ખાનગી બાતમી હકિકત મળેલ કે " એક આગળ પાછળ નંબર પ્લેટ વગરની બ્લેક કલરની એક્ટીવા ઉપર એક ઈસમ જેણે આખીબાયની ચોકડીવાળી ટી શર્ટ તથા વાદળી જીન્સપેન્ટ પહેરેલ છે તે સૈજપુર ટાવર થઈ આદર્શ સ્કુલ થઈ રેલ્વે ગરનાળા થઈ કુબેરનગર તરફ જવાના છે" જે હકીકત આધારે કુબેરનગર બંગલા એરીયા રેલ્વે ગરનાળા જાહેર રોડ ઉપર વોચમાં રહી તપાસ કરતાં બે આરોપીઓ તેઓના કબજાની એકટીવા સાથે મળી આવેલ જે એકટીવાઓ યુનિવર્સીટી તથા નવરંગ પુરા પો.સ્ટે વિસ્તારમાં થી ચોરી કરેલાની કબુલાત કરતાં હોય યુનિવર્સીટી પો.સ્ટે એક એકટીવા તથા નવરંગ પુરા પો.સ્ટે ની એક એકટીવા એમ બે એકટીવા કુલ્લે કિ.રૂ.૫૦,૦૦૦/- તા-૦૩/૦૮/૨૦૨૦ ના કલાક ૧૪/૦૦ વાગે સી.આર.પી.સી.કલમ-૪૧(૧)ડી મુજબ પકડી અટક કરી કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

આરોપી:- (1)વિરેન્દ્રસિંગ ઉર્ફે વીરુ સ/ઓ ભવરસિંગ જાતે-રાજપુત(બાડોત-મારવાડી) ઉવ.૨૧ધંધો-છુટક મજુરી રહે-મ.નં.૨,ગાયત્રી ચેમ્બર્સ ભાર્ગવ હોસ્પિટલની બાજુમાં કૃષ્ણનગર અમદાવાદ શહેર મુળ રહે-ગામ-મંડાવર કાછબલી કામલી ઘાટ તા-ભીમ જી-રાજસમંદ રાજસ્થાન (2) શંકરસિંગ સ/ઓ પન્નાસિંગ જાતે-રાજપુત (રાવત-મારવાડી) ઉવ.૨૧ ધંધ-મજુરી રહે-મ.નં.૭૦૧, ચોથોમાળ બ્લોક નં.૨૨ ગજરાવાળી ચારમાળીયા ઓઢવ અમદાવાદ શહેર

મુદામાલ;- (૧) એક્ટીવા જોતા જેના આગળ પાછળ કોઇ આર.ટી.ઓ નંબર પ્લેટ લગાવેલ ના હોય, જેનો એન્જીન નં.JC44E5248189 તથા ચેસીસ નં.ME4JC448CC7247564 ના જેવો વંચાય જેની કિં.રૂ.૨૫૦૦૦/- યુનિવર્સીટી પો.સ્ટે ફસ્ટ.ગુ.ર.નં- ૧૪/૨૦૧૯ ઇ.પી.કો.કલમ- ૩૭૯ મુજબ (૨) એક્ટીવા જોતા એક સફેદ કલરની એક્ટીવા જેના આગળ નંબર પ્લેટ જોતા જીજે-૧-એલઆઈ.-૩૭૮૧ તથા પાછળ જોતા જીજે-૧૩-એલ.એલ.-૭૮૪ જેવો વંચાય છે જેનો એન્જીન નં.JF50E80453630 તથા ચેસીસ નં.ME4JF501JD8455523 ના જેવો વંચાય જેની કિં.રૂ.૨૫૦૦૦/- નવરંગપુરા પો.સ્ટે ફસ્ટ.ગુ.ર.નં- ૦૭/૨૦૧૯ ઇ.પી.કો.કલમ- ૩૭૯ મુજબ

કામગીરી કરનાર અધીકારી / કર્મચારી ;- (૧) પોલીસ ઇન્સપેકટર એમ.બી.બારડ (૨) પોલીસ સબ ઇન્સપેકટર એમ.સી.જાડેજા (૩) અ.હેડ.કોંન્સ અનિલકુમાર રાધેશ્યામ બ.નં-૭૫૨૯ (૪) હે.કો.રજનીકાંત ડાહ્યાભાઈ બ.નં.૫૧૨૧ (૫) અનાર્મ પો.કો. જેઠાભાઈ જગશીભાઈ બ.નં.૮૭૫૩ (૬) અ.હે.કો.પ્રદિપસિંહ મહિપાલસિંહ બ.નં.૩૬૧૬ (૭) અ.લોર.રિષભસિંગ રામમહેશ બ.નં.૭૧૪૧ વિગેરે.



## સરખેજ પોલીસ સ્ટેશન :-

# ગોડાઉનમાંથી ખાધ્ય તેલના જથ્થાની ચોરી કરી લઇ જનાર આરોપીઓને મુદામાલ સાથે પકડી પાડતી સરખેજ પોલીસ સ્ટેશનની સર્વેલન્સ સ્કોડ

મે.પોલીસ કમિશ્નર સાહેબશ્રી અમદાવાદ શહેર તથા મે.સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૭ સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,"એમ" ડિવીઝન સાહેબનાઓની સુચના તથા માર્ગદર્શન તથા સરખેજ પોલીસ સ્ટેશનનાં **પોલીસ ઇન્સપેક્ટર બી.બી.ગોયલ સાહેબ** નાઓનાં સીધા માર્ગદર્શન હેઠળ પોલીસ સ્ટેશન વિસ્તારમાં મીલ્કત સબંધી ગુન્હા શોધવા તેમજ નાસતા ફરાતા/વોંટેડ તથા પેરોલ ફર્લો/વચગાળાના જામીન પર છુટી હાજર નહિ થઇ ફરાર આરોપીઓને પકડી પાડવા સારૂ સુચના આપેલ જે સુચનાં તથા માર્ગદર્શન આધારે સર્વેલન્સ સ્કોડનાં પો.સ.ઇન્સ.સી.એન.પરમાર તથા એ.એસ.આઇ.ધર્મેન્દ્રસિંહ વિક્રમસિંહ બ.નં.૭૫૭૦ તથા અ.હેડ.કોન્સ અજીતસિંહ પ્રભાતસિંહ બ.નં.૪૧૨૮ તથા અ.પો.કો.દશરથસિંહ કરશનભાઈ બ.ન.૧૩૧૭૫ તથા અ.પો.કો.રાજેશભાઈ મોહનભાઈ બ.નં.૧૪૪૭ તથા અ.પો.કો.વિરભદ્રસિંહ ખુમાનસિંહ બ.નં.૪૭૬ તથા અ.પો.કો.જયરાજસિંહ મહીપતસિંહ બ.નં.૮૮૧૫ તથા અનાર્મ લોકરક્ષક હરદેવસિંહ ભુપતસિંહ બ.નં.૧૧૫૪૩ નાઓ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ધોળકા સર્કલ ખાતે આવતા **અ.પો.કો.વિરભદ્રસિંહ ખુમાનસિંહ તથા અ.પો.કો.જયરાજસિંહ મહીપતસિંહ નાઓની ખાનગી બાતમી** હકીકત આધારે સરખેજ ધોળકા રેલ્વે ફાટક પાસે આવેલ ભગત એસ્ટેટમાં એચ.એલ.પ્રોટીન્સ પ્રા.લિ. નામના ગોડાઉનમાંથી ખાધ્ય તેલના જથ્થોની ચોરી કરી ઓટો રીક્ષા નં.GJ-01-TD-5600 માં ભરી લઇ જતા આરોપીઓને મુદામાલ સાથે પકડી પાડી સરખેજ પોલીસ સ્ટેશન ફસ્ટ.ગુ.ર.નં.૮૧/૨૦૨૦ + પાર્ટ-એ નં.૧૧૧૯૧૦૪૮૨૦૧૩૮૮/૨૦૨૦ ધી ઇ.પી.કો.કલમ ૩૮૧,૧૧૪ મુજબના કામે ગયેલ મુદામાલ સાથે પકડી અટક કરી ઉપરોક્ત ગુન્હો ડીટેકટ કરી પ્રશંસનીય કામગીરી કરેલ છે.

- **કબ્જે કરેલ મુદ્દામાલ**-

(૧) ગુનાના કામે ચોરીમાં ગયેલ ખાધ્ય તેલ ભરેલ અલગ અલગ કંપની બ્રાન્ડના પાઉચ તથા તેલના ડબ્બાનો જથ્થો કુલ્લ કિં.રૂ.૨૮૯૧૦/-મતા

(૨) મોબાઇલ ફોન નંગ-03 કિં.રૂ.૪000/-ની મતા

(3) ઓટો રીક્ષા નં.GJ-01-TD-5600 ની કિં.રૂ.૫0,000/- ની મતાની મળી કુલ્લે રૂપિયા ૮૨,૯૧0/- ની મતા

**<u>પકડાયેલ આરોપીઓ:-</u>** (૧)ફિરોજ સ/ઓ અનીશભાઈ જાતે સીદીકી ઉ.વ.૩૦ રહે,મ.નં.૦૩,ઈકબાલ રેસીડંન્સી,લોખંડવાલા પાર્ટી પ્લોટની સામે ફતેવાડી સરખેજ અમદાવાદ મુળ વતન ગામ-કાણોદર તા-પાલનપુર જિ-બનાસકાંઠા (૨) શૈલેષભાઈ સન/ઓ થાનારામ મોહનલાલ જાતે કોળી ઉ.વ.૧૯ રહે,રાધાકુષ્ણ નગર સોસાયટી ઋષિકેશ સ્કુલની બાજુમાં આઝાદ નગર નવી ફતેવાડી સરખેજ અમદાવાદ મુળ વતન ગામ-ઝુઝાપુરા તા-રેવદત જિ-સિરોહિ રાજસ્થાન (૩) મોહંમદ સમીર સન/ઓ અબ્દુલ શકુર જાતે શેખ ઉ.વ.૨૫ રહે,મ.નં.૧૨ અજીમ ડુપ્લેક્ષ તુહીદ પાર્ક ઈબ્રાહીમ મસ્જીદની પાછળ ફતેવાડી અમદાવાદ શહેર મુળ વતન સી/૩૭ સંકલીતનગર જુહાપુરા વેજલપુર અમદાવાદ



## <u>દાણીલીમડા પોલીસ સ્ટેશન :-</u>

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર સેક્ટર-૨ તથા ના.પો.કમિ શ્રી ઝોન-૬ તથા મદદનીશ પો.કમિ.શ્રી " કે " ડીવીઝન સાહેબ નાઓ દ્વારા અત્રેના પોલીસ સ્ટેશન વિસ્તારમાં બનતા મિલ્કત સંબંધી ગુનાઓ શોધી કાઢવા **અંગેની સુચના મળતા** જે અન્વયે મ.પો.કમિ.શ્રી " કે " ડીવીઝન સા.તથા સિનિ.પોલીસ ઇન્સ.શ્રી વી.આર. વસાવા સા.શ્રીની સુચના તથા માર્ગદર્શન હેઠળ નીચે મુજબની કામગીરી કરેલ છે.

સર્વેલન્સ સ્કોડના ટી.એન.મોરડીયા પો.સબ.ઇન્સ.તથા સાથેના સ્ટાફના અ.પો.કો.ગોપાલભાઇ દેવાભાઇ બ.નં.૧૩૦૯ તથા અ.પો.કો.રણજીતસિહ ટેમંતસિહ બ.નં. ૧૩૯૪ તથા અ.પો.કો.ગજેન્દ્રસિહ મખુભા બ.નં.૭૯૨૨ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી કે વિભાગ અમદાવાદ શહેર સા.શ્રીના સ્કોડના અ.હેડ.કોન્સ.જયરાજસિહ હરિસિહ બ.નં.૪૪૦૭ તથા પો.કો.હર્ષદસિહ ગંભીરસિહ બ.નં.૪૭૮૫ તથા પો.કો.વિરભદ્રસિહ રાજેન્દ્રસિહ બ.નં. ૧૦૩૧૧ નાઓ પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં નીકળેલ તે દરમ્યાન સાથેના અ.પો.કો. ગોપાલભાઇ દેવાભાઇ તથા પો.કો.હર્ષદસિહ ગંભીરસિહ બ.નં.૪૭૮૫ નાઓને મળેલ સંયુકત બાતમી હકીકત આધારે આરોપીઓ (૧) ફિરોજ મૈયુદીન અજમેરી ઉ.વ.૧૯ રહે : બાવા લબલબીની દરગાહના છાપરા સપ્તરુષીના આરે બહેરામપુરા અમદાવાદ નં.(૨) અલ્પેશ રાજેશભાઇ મદ્રાસી ઉ.વ.૨૦ રહે : સદર નાઓને ચોરી કરી મેળવેલ હોન્ડા એકટીવા નં. જીજે.૦૧.યુ.એસ.૨૧૧૪ કિ,રૂ,૪૦,૦૦૦/ ના મુદામાલ સાથે પકડી લઇ દાણીલીમડા પોલીસ સ્ટેશન એ પાર્ટ નં.૧૧૧૯૧૦૧૨૨૦૦૯૪૫/૨૦૨૦ ધી ઇ.પી.કો.કલમ-૩૭૯,૧૧૪ મુજબ નો ગુનો શોધી કાઢેલ છે.

# <u>જુગારના આરોપીની અટકાયતની વિગત</u>

**<u>રામોલ પોલીસ સ્ટેશન :-</u>**

## <u>જુગારનો ગણના પાત્ર કેશ શોધી કાઢતી રામોલ પોલીસ</u>

## <u>રોકડા રૂપીયા ૧૦૦૯૦/- ના મુદ્દામાલ સાથે નવ ઈસમો ઝડપાયા</u>

પોલીસ ઈન્સપેક્ટર શ્રી કે.એસ.દવે સાહેબ નાઓની સુચના તેમજ માર્ગદર્શન હેઠળ આજરોજ તા:૦૨/૦૮/૨૦૨૦ ના રોજ સર્વે સ્કોડના પો.સ.ઈ વી.બી.વાઘેલા તથા સ્ટાફના માણસો સાથે દારૂ જુગારની /પ્રવુર્તી અટકાવવા સારૂ પો.સ્ટે વીસ્તારમા પેટ્રોલીંગમા હતા દરમ્યાન સાથેના પો.કો ચીરાગભાઈ ભુપતભાઈ બ.નં.૧૫૩૫ તથા પો.કો મનીશભાઈ લાલજીભાઈ બ.નં.૧૧૯ નાઓની સંયુક્ત બાતમી આધારે રામોલ સીટીએમ પ્રધ્યુમન સોસાયટી આંગણવાડીના મેદાનમાં જાહેરમાં પંચો સાથે રેડ કરતા આરોપીઓ નં.(૧) આનંદભાઈ કાળીદાસ પરમાર ઉવ:૨૮ રહે:એ/૧૭ પ્રધ્યુમન સોસાયટી સીટીએમ રામોલ અમદાવાદ શહેર તથા નં.(૨) હીરેનકુમાર કાળીદાસ પરમાર ઉવ:૩૧ રહે:૧૧ વ્રુન્દાવન સોસાયટી સીટીએમ રામોલ અમદાવાદ શહેર તથા નં.(૩) અનીલકુમાર ગોવિંદભાઈ પરમાર ઉવ:૩૮ રહે:એ/૧૫ પ્રધ્યુમન સોસાયટી સીટીએમ રામોલ અમદાવાદ શહેર તથા નં.(૪) ધર્મેન્દ્રભાઈ જશુભાઈ પુરબીયા ઉવ:૨૭ રહે:૨૮ ઈશાનંદ સોસાયટી પ્રધ્યુમન સોસાયટી પાસે સીટીએમ રામોલ અમદાવાદ શહેર તથા નં.(૫) કમલેશભાઈ આત્મારામભાઈ પટેલ ઉવ:૪૦ રહે:સી/૧૮ પ્રધ્યુમન સોસાયટી સીટીએમ રામોલ અમદાવાદ શહેર તથા નં.(૬) કીરણભાઈ પ્રવીણભાઈ પરમાર ઉવ:૩૨ રહે:એ/૪૨ પ્રધ્યુમન સોસાયટી સીટીએમ રામોલ અમદાવાદ શહેર તથા નં.(૭) અર્જુનભાઈ ભગવાનદાસ કોષ્ટી ઉવ:૪૬ રહે:સી/૩૬ પ્રધ્યુમન સોસાયટી સીટીએમ રામોલ અમદાવાદ શહેર તથા નં.(૮) સુનીલ ગોવિંદભાઈ પરમાર ઉવ:૩૯ રહે:એ/૧૫ પ્રધ્યુમન સોસાયટી સીટીએમ રામોલ અમદાવાદ શહેર તથા નં.(૯) કીશોરભાઈ મોહનભાઈ સોલંકી ઉવ:૪૫ રહે:એ/૩૮ પ્રધ્યુમન સોસાયટી સીટીએમ રામોલ અમદાવાદ શહેર નાઓને પૈસા પાનાથી હાર જીતનો જુગાર રમતા **<u>રોકડા રૂપીયા ૧૦૦૯૦/- તથા ગંજી પાના નંગ:૫૨</u>** મળી કુલ્લે રૂપીયા ૧૦૦૯૦/- ના મુદ્દામાલ સાથે પકડી તેઓના વિરુધ્ધમાં ધી જુગાર ધારા કલમ ૧૨ મુજબ કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે.

## <u>ચાંદખેડા પોલીસ સ્ટેશન :-</u>

<u>ચાંદખેડા ખાતે ખુલ્લી જગ્યામાથી જુગાર ધામ પકડી પાડતી ચાંદખેડા પોલીસ</u>

મે, પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તેમજ સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી સેક્ટર-1 તથા ના.પો.કમિ.શ્રી ઝોન-2 તથા મ.પો.કમિ.શ્રી "એલ" ડીવીઝન સાહેબ તથા ચાંદખેડા પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેક્ટર ડી.વી.તડવી સાહેબ નાઓની સુચના મુજબ પ્રોહી. તથા જુગારની પ્રવુતિ સદંતર નેસ્ત નાબુદ કરવા અંગેની સુચના અન્વયે સર્વેલન્સ સ્કોર્ડના પો.સ.ઇ. કે.એચ.ચૌધરી તથા સર્વેલન્સ સ્ટાફના અ.હે.કો. ભરતકુમાર વિહાજી બ.નં-૩૫૨૭ તથા તથા અ.હે.કો. દિનેશકુમાર ધનજીભાઈ બ.નં.૩૪૫૦ તથા અ.હે.કો. હિરેનકુમાર ભરતભાઇ બ.નં.૪૫૨૫ તથા અ.હે.કો. પ્રવિણકુમાર છગનલાલ બ.નં-૫૨૪૬ તથા અ.હે.કો. લક્ષ્મણભાઈ જીવાજી બ.નં ૯૨૮૭ તથા અ.પો.કો. અમીતકુમાર લીમસીગભાઈ બ.નં ૮૫૪૫ તથા તથા અ.પો.કો. કલ્પેશકુમાર પ્રેમજીભાઈ બ.નં ૫૬૩૭ તથા અ.લો.ર. કરણજી મેણંદભાઇ બ.નં.-૧૩૩૯ તથા અ.લો.ર. કાર્તિક મનુભાઇ બ.નં-૧૦૧૬૫ માણસો સાથે ચાંદખેડા પોલીસ સ્ટેશન વિસ્તારમા પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન સર્વેલન્સ સ્કોર્ડના પો.સ.ઇ. કે.એચ.ચૌધરી નાઓની બાતમી હકિકત આધારે **<u>મોટેરા ગામ રામદેવપીરના મંદિરની વાડીમા ખુલ્લી જગ્યામા જાહેરમા</u>** આરોપીઓ નં. (૧) રાકેશ ઉર્ફે ગોબર લક્ષ્મણજી જાતે-ચૌહાણ ઉ.વ.૩૩ ધંધો-નોકરી રહે- સવજીવાસ મોટેરા ગામ ચાંદખેડા અમદાવાદ શહેર તથા (૨) ઉદાજી ભીખાજી ઠાકોર ઉ.વ.૪૨ ધંધો-વેપાર રહે-લાલજીવાસ મોટેરા ગામ ચાંદખેડા અમદાવાદ શહેર તથા (૩) અનિલ ગણેશજી ઠાકોર ઉ.વ.૨૯ ધંધો-રિક્ષા ડ્રાઇવીંગ રહે.-સવજીવાસ મોટેરા ગામ ચાંદખેડા અમદાવાદ શહેર તથા (૪) સુરેશ જીવાભાઇ જાતે-ભરવાડ ઉ.વ.૫૦ ધંધો-પશુપાલન રહે.- ભરવાડ વાસ મોટેરા ગામ ચાંદખેડા અમદાવાદ શહેર તથા (૫) સુરેશજી કુલાજી ઠાકોર ઉ.વ.૩૮ ધંધો-ડ્રાઇવીંગ રહે.-લાલજીવાસ મોટેરા ગામ ચાંદખેડા અમદાવાદ શહેર તથા (૬) અરવીંદ ઉર્ફે લાલાજી જુહાજી ઠાકોર ઉ.વ.૪૯ ધંધો-મજુરી રહે.કુલજીવાસ મોટેરા ગામ ચાંદખેડા અમદાવાદ શહેર તથા (૭) અશોક બાબુજી ઠાકોર ઉ.વ.૪૩ ધંધો-મજુરી રહે.લાલજીવાસ મોટેરા ગામ ચાંદખેડા અમદાવાદ શહેર નાઓ ગંજી પાનાથી હાર જીતનો જુગાર રમી રમાડતા તેઓ પાસેથી જુગારના દાવના નાણાં રૂ|.૧૭૯૦/- તથા અંગઝડતીના નાણાં રૂ|.૨૧,૪૦૦/- મળી કુલ નાણાં રૂ|.૨૩,૧૯૦/- તથા ગંજી પાના નંગ- ૫૨ ની કિં.રૂ|.૦૦/૦૦ ગણી તેમજ મોબાઈલ ફોન નંગ-૦૫ ની કિં.રૂ.૫,૦૦૦/- ની મળી કુલ્લે કિં.રૂ|.૨૮,૧૯૦/- મત્તાનો મુદ્દામાલ કબ્જે કરી પ્રશંસનીય કામગીરી કરેલ છે. તા.૦૩/૦૮/૨૦૨૦

## ખોખરા પોલીસ સ્ટેશન :-

**ખોખરા પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી જુગાર રમતા પાંચ ઇસમોને રોકડ નાણાં રૂ.૧૦,૩૭૦/- સાથે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી કરતો ખોખરા સર્વેલન્સ સ્કવોડ**

મે.નાયબ પોલીસ કમિશ્નરશ્રી, ઝોન-૫ તથા મદદનીશ પોલીસ કમિશનરશ્રી 'આઇ' ડીવીઝન અમદાવાદ શહેરનાઓ દ્વારા પ્રોહી/જુગારના કેસો શોધી કાઢવા સારૂ આપેલ સુચના આધારે પોલીસ ઇન્સ્પેકટરશ્રી,વાય.એસ.ગામીત સાહેબશ્રીનાઓના માર્ગદર્શન આધારે ખોખરા પો.સ્ટે. સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ. શ્રી.આર.એન.ચુડાસમા તથા એ.એસ.આઇ.મહેશભાઇ ગંગારામ બ.નં.૭૫૯૮ તથા જીગ્નેશભાઇ જીવાભાઇ બ.નં.૯૯૨૨ તથા લો.ર.સંજયકુમાર મેહુરભાઇ બ.નં.૯૬૮ તથા લો.ર.વિજયસિંહ રતનસંગ બ.નં.૧૧૫૮૫ તથા લો.ર.ભરતભાઇ રાહતભાઇ બ.નં.૧૨૨૩૮ તથા બીજા સ્ટાફના માણસો સાથે પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સર્વેલન્સ સ્કોડના લો.ર.ભરતભાઇ રાહતભાઇ બ.નં.૧૨૨૩૮ તથા લો.ર.સંજયકુમાર મેહુરભાઇ બ.નં.૯૬૮ નાઓને સંયુક્ત ખાનગી બાતમી હકીકત મળેલ કે, "હરીપુરાનાં કાચા છાપરામાં પ્રભાતભાઇનાં મકાન આગળ ખુલ્લી જગ્યામાં કેટલાક ઇસમો ભેગા મળી ગોળકુંડાળુ વળી ગજીફાપાનાથી હારજીતનો પૈસા પાનાથી જુગાર રમી રમાડે છે". જે બાતમી હકિકત આધારે સ્ટાફના માણસો સાથે સદરી જગ્યાએ રેઇડ કરતા ગંજીફા પાનાથી હારજીતનો જુગાર રમતા પાંચ ઇસમોને ત્યાંજ પકડી લીધેલ જેની અંગઝડતી તપાસ કરતા **અંગઝડતી તથા દાવના નાણા મળી કુલ રૂ.૧૦૩૭૦/- નો** જુગારનો કેસ શોધી કાઢી પ્રશસંનીય કામગીરી કરેલ છે.



## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૩૦૦/૨૦૨૦

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૫ કેસ કરી, ૪૦ વ્યક્તિઓને ઝડપી, ૧૭૯ લીટર દેશી દારૂ, ૧૦૨ બોટલ ઈંગ્લીશ દારૂ, ૧૩૮૭ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૪૦ બિયર ટીન, ૦૧ મોટર સાયકલ અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૧૪ કેસ કરી ૧૦૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૬૫,૦૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૩૦૧/૨૦૨૦

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૪૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## તાજી જન્મેલ બાળકી ત્યજી દિધેલ મળી આવી: સમાચાર યાદી નં.૧૩૦૨/૨૦૨૦

કાગડાપીઠ : અનિતાબેન ડો/ઓ ભગુભાઇ પરમાર (ઉ.વ.૫૦)(રહે-મહિપતરામ રૂપરામ આશ્રમમાં, રાયપુર દરવાજા બહાર) એ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૩/૦૮/૨૦૨૦ નાં કલાક ૬/૩૦ વાગ્યા પહેલાં કોઇપણ સમયે રાયપુર, મહિપતરામ રૂપરામ આશ્રમનાં મેઇન ગેટ પાસે મૂકેલ પારણામાં તાજી જન્મેલ આશરે સાતેક દિવસની બાળકી ત્યજી ગયેલ હોઇ, કાગડાપીઠ પોલીસે અજાણી વ્યકતિ વિરૂધ્ધ ગુનો નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એન.જે.મારૂ ચલાવે છે.

## ઘરફોડ :- સમાચાર યાદી નં.૧૩૦૩/૨૦૨૦

વેજલપુર : મહમંદહનીફ અબ્દુલમજીદ બાંડી (ઉ.વ.૬૩)(રહે.લવલીપાર્ક સોસાયટી ગુડલક હોટલ પાસે, બરફની ફેકટરી પાછળ વિશાલા સર્કલ જુહાપુરા) એ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૦/૦૭/૨૦૨૦ બપોરના ૧૨/૩૦ થી તા.૦૨/૦૮/૨૦૨૦ સાંજના ૬/૧૫ વાગ્યા દરમ્યાન પોતાના ઘરના દરવાજાનું તાળૂ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, લાકડાના કબાટમાંથી સોનાના દાગીના તથા રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૧,૨૮,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.ડી.ભટ્ટ ચલાવે છે.

સરદારનગર : વિનોદભાઇ ગોવિંદભાઇ નારોલા (ઉ.વ.૫૬)(રહે.રાજીવનગર ઇંદીરાનગર બાજુમા નોબલનગર સરદારનગર) એ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૨/૦૮/૨૦૨૦ રાતના ૨/૦૦ થી સવારના ૬/૦૦ વાગ્યા દરમ્યાન કોઇપણ સમયે પોતાના મકાનના દરવાજાનું તાળુ અને નકુચો તોડી, અજાણી વ્યક્તિ મકાનમાં પ્રવેશ કરી, દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૧,૬૦,૬૫૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.જી.ઢોઢીયા ચલાવે છે.

**સોનાની ચેઇન ખેંચી તોડી લઇ ગયા :-** **સમાચાર યાદી નં.૧૩૦૪/૨૦૨૦**

ખોખરા : હેતલબેન વા/ઓ હિતેશભાઇ જોષી (ઉ.વ.૩૬)(રહે,લીલાધર એપાર્ટમેન્ટ તમિલ સ્કુલની સામે ઇડલી ચાર રસ્તા ખોખરા) એ ખોખરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૩/૦૮/૨૦૨૦ સવારના ૬/૧૫ વાગ્યાના સુમારે ખોખરા ઇલાજ ક્રોસીંગ ચાર રસ્તા પાસે, પંજાબ નેશનલ બેકની સામેથી ચાલતા પસાર થઇ રહ્યા હતા દરમ્યાન મોટર સાયકલ ચલાવી આવેલ અજાણ્યો પુરૂષ (૨૦ થી ૨૫ વર્ષના આશરાનો) હેતલબેનના ગળામાંથી સોનાની પેન્ડલ સાથેની ચેઇન કિંમત રૂપિયા ૩૦,૦૦૦/- મતાની ખેંચી તોડી લઇ નાસી ગયો હતો. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.કે.વાઘેલા ચલાવે છે.

**ચોરી :-** **સમાચાર યાદી નં.૧૩૦૫/૨૦૨૦**

સેટેલાઇટ : કલ્પેશભાઈ ભોગીલાલ પટેલ (ઉ.વ.૫૪)(રહે.જોધપુર ગામ પાછલો વાસ, ઠાકોર વાસ સેટેલાઈટ) એ તા.૦૩/૦૮/૨૦૨૦ નારોજ સેટેલાઇટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૦/૦૭/૨૦૨૦ ના કલાક ૬/૦૦ થી ૬/૧૫ વાગ્યા દરમ્યાન સેટેલાઈટ પ્રેરણાતીર્થ દેરાસરની સામે સિધ્ધશીલા કોમ્પલેક્ષમાં ગ્રાઉંડ ફ્લોરમા દુકાન નંબર ૯ મા આવેલ પોતાના “શ્રી ખોડીયાર પાર્લર” માં એક અજાણ્યો ઈસમ (૨૫ વર્ષના આશરાનો) દુકાનની અંદર આઈસ્ક્રીમ તથા કોલ્ડ્રીંક્સ પાર્સલ કરવાનુ કહી, કલ્પેશભાઇની નજર ચુકવી કાઉન્ટર ઉપર મુકેલ કાળા રંગનુ પર્સ કે જેમા રોકડ રૂપિયા ૩૫,૦૦૦/- મુકેલ હતા તે ચોરી કરી લઇ ગયેલ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.ડી.રવિયા ચલાવે છે.

**કરંટ લાગતા મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૧૩૦૬/૨૦૨૦**

નારોલ : દિપકભાઇ ગણેશકુમાર કોરી (ઉ.વ.૪૦)(રહે.ગુજરાત ટફન ગ્લાસ પ્રા.લી. મટનગલી નારોલ) તા.૦૨/૦૮/૨૦૨૦ રાતના ૯/૩૦ વાગ્યાના સુમારે કંપનીની ઓરડીમાં ટેબલ પંખો ચાલુ કરવા માટે ઇલેકટ્રીક સ્વીચ બોર્ડમાં પંખાનો પ્લગ લગાવવા જતા ડાબા હાથે ઇલેકટ્રીક શોર્ટ લાગતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલ લાવતા ફરજ પરના ડો.શ્રીએ રાતના ૧૦/૨૦ વાગે તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રવિન્દ્રસિંહ ભગવતસિંહ ચલાવે છે.

**પાંચમા માળેથી પડી જતા મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૧૩૦૭/૨૦૨૦**

નરોડા : ઇશ્વરભાઈ જદાજી પરમાર (ઉ.વ.૧૯)(રહે.રબારીયા ઢાણી, ગામ: અંબાસા તા: જાડોલ જી: ઉદેપુર) તા.૦૨/૦૮/૨૦૨૦ બપોરના ૧૨/૦૦ વાગ્યાના સુમારે ધ ન્યુયોર્ક એમ્પાયર ની નવી બનતી સાઈટના પાંચમા માળે કામ કરતા હતા દરમ્યાન સળીયો ખેંચવા જતા પગ લપસી જતા નિચે પડી જતાં શરીરે ગંભીર ઇજાઓ થતા તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી જે.જી.કામળીયા ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૧૩૦૮/૨૦૨૦**

રીવરફ્રંટ ઇસ્ટ : હિતેશભાઇ કાંન્તીલાલ પાટડીયા (ઉ.વ.૫૬)(રહે.પરિક્ષા એપાર્ટમેન્ટ, પારસનગર સોલા રોડ, ઘાટલોડીયા) એ અગમ્ય કારણસર તા.૦૩/૦૮/૨૦૨૦ ના કલાક ૮/૪૫ વાગ્યા પહેલા કોઇપણ સમયે દધિચિબ્રીજ અને ગાંધીબ્રીજ વચ્ચે શાહપુર તરફના ભાગે સાબરમતી નદીમાં પડતુ મુકી આત્મહત્યા કરી છે. આ અંગે રીવરફ્રંટ ઇસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રાજેન્દ્રસિહ મફતાજી ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી